# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PATEL ANAND PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ખંભાત શહેર અને આણંદ જિલ્લામાં 234 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે સરકારની કલ્યાણકારી યોજનાઓથી સામાન્ય લોકોના જીવનમાં આવેલા પરિવર્તનની રૂપરેખા આપી. તેમજ જાહેર જીવનમાં યોગ અપનાવવા, લીલું આવરણ વધારવા તથા વધુને વધુ પ્રાકૃતિક ખેતી તરફ વળવા સૌને અનુરોધ કર્યો.

શ્રી પટેલે ઉત્તમ આંતરમાળખા અને ટકાઉ વિકાસ થકી વિકસિત ભારતની યાત્રામાં વિકસિત ગુજરાતને અગ્રેસર રાખવાનો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, વિશ્વની 100 જેટલી અગ્રણી કંપની આજે ગુજરાતમાં કામ કરી રહી છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

. . . . . . . . . . . . .

# BHAVNATH MELA DyCM MEETING

ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં સાધુ-સંતો અને વહીવટી તંત્ર સાથે મહત્વની બેઠક યોજાઈ. તેમાં જુનાગઢમાં ગિરનારની તળેટીમાં યોજાનારા મહાશિવરાત્રિના મેળાના સુચારુ આયોજન

અંગે ચર્ચા થઈ. શ્રી સંઘવીએ આ વર્ષનો મેળો અત્યાર સુધીનો સૌથી ભવ્ય અને યાદગાર મેળો બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

તેમણે કહ્યું, સાધુ-સંતોના આગમનને વધુ ભવ્ય બનાવવા આગામી 11 ફેબ્રુઆરીએ સૌપ્રથમ વખત અલૌકિક નગર પ્રવેશ સાથે નગરયાત્રા યોજાશે. જ્યારે પવિત્ર નાગા સાધુઓની રવેડીનો માર્ગ પણ 500 મીટરથી વધારીને બે કિલોમીટર કરાયો છે. તેથી મહત્તમ શ્રદ્ધાળુઓ રવેડીના દર્શનનો લ્હાવો લઈ શકે. આ સમગ્ર માર્ગ પર ભક્તિમય વાતાવરણ સાથે ભોળાનાથ ભગવાનની વિષયવસ્તુ પર સુશોભન પણ કરાશે. તો, શાહી સ્નાન સમયે મહાશિવરાત્રિ મેળાનું જીવંત પ્રસારણ પણ કરાશે.

. . . . . . . . . . . . .

# SHAKTIPEETH PARIKRAMA

શક્તિપીઠ અંબાજી ખાતે આજથી ત્રણ દિવસ “51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ”નો પ્રારંભ થયો. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળીએ શરૂ કરાવેલા આ મહોત્સવમાં એક જ સ્થાને 51 શક્તિપીઠના દર્શનનો લ્હાવો દર્શનાર્થીઓને મળશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ મહોત્સવને ગબ્બરની તળેટીમાં ભક્તિનો મહાસાગરણ ગણાવ્યો. તેમણે કહ્યું, ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી તાકાત તેની આધ્યાત્મિક શક્તિમાં રહેલી છે. શ્રદ્ધા અને પ્રાર્થના માનવીના જીવનને નવી દિશા અને ઊર્જા આપે છે. જીવનમાં મુશ્કેલીઓ અને પડકાર

આવે ત્યારે ભક્તિ, સ્તુતિ અને આરાધનાનો માર્ગ માનસિક શાંતિ અને આત્મબળ પૂરું પાડે છે.

. . . . . . . . . . . . .

# STATE POLICE BHARATI

રાજ્ય પોલીસમાં 13 હજાર 591 જગ્યા માટે 10 લાખથી વધુ ઉમેદવારએ પરીક્ષા આપી. આ અંગે ગુજરાત પોલીસ ભરતી બૉર્ડનાં અધ્યક્ષ નીરજા ગોટરુએ કહ્યું, 22થી 29 જાન્યુઆરી સુધીમાં એક લાખ 87 હજાર 874 ઉમેદવારને બોલાવાયા હતા. તેમાંથી એક લાખ 16 હજાર 75 ઉમેદવારે શારીરિક કસોટી આપી અને તે પૈકી 50 હજાર 383 ઉમેદવાર ઉત્તીર્ણ થયા છે.

(BYTE: NEERJA GOTARU, PRESIDENT, GUJARAT POLICE BHARATI BOARD)

. . . . . . . . . . . . .

# AMRELI ITI SKILL EXPO

કાયદો અને ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાની અધ્યક્ષતામાં આજે અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા – I.T.I. ખાતે કૌશલ્ય પ્રદર્શનનો શુભારંભ થયો. આ પ્રસંગે શ્રી વેકરીયાએ યુવાનોને નિષ્ફળતાનો ડર મુકીને પોતાના કૌશલ્યને ઉજાગર કરી સફળતા મેળવવાની સલાહ આપી.

તેમણે I.T.I.ના 22થી વધુ ટ્રેડના વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલા મૉડલનું નિદર્શન કર્યું. આ પ્રદર્શનનો હેતુ I.T.I.ના તાલીમાર્થીઓમાં ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો.

. . . . . . . . . . . . .

# SURAT FIRE INCIDENT

સુરતમાં ત્રણ વિઘાં વિસ્તારમાં એક ગેરકાયદેસર વખારમાં આગનો બનાવ બન્યો હતો. અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, એકલેરા ચોકડી નજીક બનેલી આ ઘટનાની જાણ થતાં ભેસ્તાન, ડિંડોલી અને સચિન GIDC સહિતની પાંચથી વધુ અગ્નિશનમ દળની ગાડી ઘટનાસ્થળે પહોંચી હતી. દળ છ કલાકથી પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી.

બીજી તરફ, 50 ટકા કાપડના જથ્થાને આગથી બચાવી લેવાયો છે. જ્યારે આગ કઈ રીતે લાગી તેનું કારણ જાણી શકાયું નથી.

. . . . . . . . . . . . .

# BSF ROAD TO HEAVEN

સરહદ સુરક્ષા દળ – BSF દ્વારા કચ્છના ધોળાવીરામાં પહેલી ફેબ્રુઆરીએ “રોડ ટૂ હેવન રન”નું આયોજન કરાયું છે. BSFની સ્થાપનાના 60 વર્ષ પૂર્ણ થવા પર હીરક જયંતીની ઉજવણી નિમિત્તે યોજાનારી આ દોડનો ઉદ્દેશ ફિટનેસ, દ્રઢ નિશ્ચય, રાષ્ટ્ર ગૌરવ અને વારસાને પ્રોત્સાહન આપવાનો તેમજ ભારતના સરહદી વિસ્તારના વ્યૂહાત્મક અને સાંસ્કૃતિક મહત્વને પણ દર્શાવવાનો છે.

આ દોડમાં 14 વર્ષ અને તેનાથી વધુ વયના તમામ લોકો ભાગ લઈ શકશે. જ્યારે સંરક્ષણ શ્રેણીમાં ભાગ લેનારા લોકોએ નામાંકન સમયે ઓળખપત્ર બતાવવું પડશે, તેમ BSFની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .